અપીલ અરજી નં.૫૭૭ તા.૨૩–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ.અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)
ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી)
ખાતાકીય તપાસ અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આઈ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૨–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મોજે કોસાડ ખાતે EWS આવાસમાં આચરાયેલ ગેર–રીતિમાં જેટલા ક્ષેત્રફળમાં જેટલી બિલ્ડીંગો, જેટલા આવાસો બનાવેલ હોય તેના આધાર પુરાવા, નકલો સહિતની માહિતી (૨) મોજે કોસાડ ખાતે EWS આવાસમાં આચરાયેલ ગેર–રીતિવાળા બાંધકામના વર્ક–ઓર્ડરની નકલ તથા આ બાંધકામ માટે અપાયેલ કોન્ટ્રાકટની વિગતો, ટેન્ડરો સહિતની માહિતી વિ.મુદ્દા નં. (૧)થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૭૭/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૨–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મોજે કોસાડ ખાતે EWS આવાસમાં આચરાયેલ ગેર–રીતિમાં જેટલા ક્ષેત્રફળમાં જેટલી બિલ્ડીંગો,જેટલા આવાસો બનાવેલ હોય તેના આધાર પુરાવા, નકલો સહિતની માહિતી (૨) મોજે કોસાડ ખાતે EWS આવાસમાં આચરાયેલ ગેર–રીતિવાળા બાંધકામના વર્ક–ઓર્ડરની નકલ તથા આ બાંધકામ માટે અપાયેલ કોન્ટ્રાકટની વિગતો, ટેન્ડરો સહિતની માહિતી વિ.મુદ્દા નં. (૧) થી (૭)ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(સ્લમ અપગ્રેડેશન વિ.)ના પત્ર નં. એસયુસી/આ.નં./૧૯૯૪ તા. ૧–૧–૧૨થી મુદ્દા નં.૩થી ૭માં માંગ્યા મુજબની કોઈ જ માહિતી કે નિર્ણય નહિ મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો મુદ્દા નં.૩થી ૭ માટે નકલ સહ સ્પષ્ટ કરવા તથા આવા કોઈ દફતરી સંદર્ભ છે કે કેમ ? તે અંગે સ્પષ્ટ હકીકત જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૩૬ તા.૧–૨–૧૨ થી** ડે.કમિ.અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ), ડે.કમિ. (પીએન્ડડી ) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી) તથા અરજદારને તેમણે પક્ષકાર બનાવેલ મ્યુનિસિપલ કમિશ્નર કચેરીના જાહેર માહિતી અધિકારીશ્રી, મધ્યસ્થ શહેર વિકાસ અધિકારીશ્રી, સ્થાયી સમિતિના જાહેર માહિતી અધિકારીશ્રી, તથા ડે.કમિ.(પી.એન્ડ.ડી) સુરત મહાનગરપાલિકાને અરજી તબદીલ થયેલ કે કેમ ? તેમની જાણ હેઠળ નકલ પાઠવી હોય તો રજૂ કરવા તથા અપીલ દરમ્યાન માહિતી મળ્યેથી તેમનો પક્ષ રજૂ કરવા સાથે વધુમાં સેક્રેટરી બ્રાન્ચના જાહેર માહિતી અધિકારી હોય તો તેમના અપીલ અધિકારીને પ્રથમ અપીલ કરવી રહી તે પણ જાણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૨૪૩૨ તા.૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૨૦ તા.૧૪–૧૨–૧૧ થી ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગ, કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલને સમયસર તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને સમય અવધિમાં આપેલ માહિતી અંગે પત્ર નં.એસયુસી/આ.નં.૧૯૯૪ તા.૧–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં. ૬૧૩ તા. ૨૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ તથા સેન્ટ્રલઝોન તરફથી તબદીલ કરેલ પત્રની નકલ, ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી અરજદારને લગભગ એક માસના વિલંબથી આપેલ માહિતી અંગે પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/ આ.નં.૫૮૯ તા.૧૫–૨–૧૨ ના પત્રની નકલ, સ્થા.સ.ઠ. નં.૧૪૦૫/ ૨૦૧૧ તા.૨૯–૯–૧૧ ના ઠરાવની નકલ,

ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૫૯૦ તા.૧૫–૨–૧૨ થી મુદ્દા નં.૫ થી ૭ બાબતે ખાતાકીય તપાસ અધિકારીને અઘટિત વિલંબથી તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૬–૨–૧૨ ના રોજ પાઠવેલ પૂરક પત્રના પાછળના ભાગમાં પૂરક વિગત જણાવતો પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૨–૧૨–૧૧ ની અરજીથી કોસાડ EWS આવાસ હેઠળની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી મ્યુ. કમિ. સુમપાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૨૦ તા.૧૪–૧૨–૧૧ થી ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગ અને કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૧૯૯૪ તા.૧–૧–૧૨ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવામાં આવેલ. જે બાબતે અરજદારે મુદ્દાનં. ૩ થી ૭ ની માંગ્યા મુજબની કોઈ માહિતી નિર્ણય ન મળેલ હોવાનું જણાવી તા.૨૩–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ કાર્યવાહી કરવાની પણ રજૂઆત કરેલ છે. ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૫૮૯ તા.૧૫–૨–૧૨ થી સમય અવધિ બાદ શરત ચૂકથી પૂરી પાડવાની રહી ગયેલ હોવાનું જણાવી મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૫ થી ૭ અંગે પત્ર નં.ટીપીડી/આ.નં.૫૯૦ તા.૧૫–૨–૧૨ થી ખાતાકીય તપાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે.

મુદ્દા નં.(૧) મોજે કોસાડ ખાતે EWS આવાસમાં આચરાયેલ ગેર–રીતિમાં જેટલા ક્ષેત્રફળ, જેટલી બિલ્ડીંગો,જેટલા આવાસો બનાવેલ હોય તેના આધાર પુરાવા, નકલો સહિતની માહિતી. મુદ્દા નં. (૨) કોસાડ ખાતે EWS આવાસમાં આચરાયેલ ગેર–રીતિવાળા બાંધકામના વર્ક–ઓર્ડરની નકલ તથા આ બાંધકામ માટે અપાયેલ કોન્ટ્રાકટની વિગતો, ટેન્ડરો સહિતની માહિતી. જે બંને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલના તા.૧–૧–૧૨ ના પત્રથી આંશિક માહિતી આપવા સાથે બંને મુદ્દા અંગે રૂા.૪૧૪/– ભરપાઈ કર્યેથી આપવાનો પ્રસ્તાવ પણ કરેલ. મુદ્દા નં.(૩) આ કૌંભાડમાં થયેલ નુકશાનની રકમ આ કૌભાંડ આચરનાર , જવાબદાર અધિકારીઓના પગારમાંથી વસુલ કરવામાં આવનાર હોવાનો સ્થા.સ. માં થયેલ ઠરાવ ની નકલ સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતમાં આપેલ નોંધ વિભાગમાં જણાવ્યા મુજબ સ્લમ અપગ્રેડેશન સેલ વિભાગના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ટીપીડી/આરટીઆઈ/૫૮૯ તા.૧૫–૨–૧૨ થી સ્થા. સ. ઠરાવ નં.૧૪૦૫/૨૦૧૧ તા.૨૯–૯–૧૧ ના ઠરાવની નકલ અરજદારને આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૪) ઉપરોકત મુદ્દા નં.૩ માં માંગ્યા મુજબના ઠરાવ અનુસંધાને સ્થા.સ. ધ્વારા સુમનપાના કમિ.શ્રીને અપાયેલ નોટીસની નકલ તથા ત્યાર બાદ મ્યુ. કમિ. ધ્વારા જે જવાબ રજૂ કરેલ હોય તે જવાબની નકલ સહિતની માહિતી અગર આ નોટીસમાં જણાવેલ સમય મર્યાદામાં જવાબ રજૂ થયેલ ન હોય તો આ બાબતે તેઓ વિરુધ્ધ થયેલ કાર્યવાહી સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતમાં આપેલ નોંધ વિભાગમાં જણાવ્યા મુજબ સ્લમ અપગ્રેડેશન સેલ વિભાગના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ટીપીડી/આરટીઆઈ/૫૮૯ તા.૧૫–૨–૧૨ થી મુદ્દા નં.૩ માં માંગ્યા મુજબના ઠરાવના અનુસંધાને કમિ.શ્રીએ વીજીલન્સ વિભાગને તપાસ સોંપવાનો હુકમ કરેલ છે જેની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ મોજે કોસાડ ખાતે EWS આવાસમાં આચરાયેલ ગેર–રીતિ બાબતે અધિકારીઓને તા.૩–૫–૧૦ થી અપાયેલ કારણદર્શક નોટીસની નકલો સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતમાં આપેલ નોંધ વિભાગમાં જણવ્યા મુજબ સ્લમ અપગ્રેડેશન સેલ વિભાગના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) ઉકત અધિકારીઓને ડે.કમિ. (પીએન્ડડી) સમક્ષ સાંભળ્યા બાદ ટાઉન પ્લાનરશ્રી (બી) ધ્વારા તૈયાર કરવામાં આવેલ રીપોર્ટની નકલ સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતમાં આપેલ નોંધ વિભાગમાં જણાવ્યા મુજબ સ્લમ અપગ્રેડેશન સેલ વિભાગના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) ઉકત બાબતે ડે.કમિ. (પીએન્ડડી) ના આદેશ અન્વયે ઉકત અધિકારીઓને નવેસરથી ચાર્જશીટ આપવાનો આદેશ થયેલ છે તેની નકલ સહિતની સંપૂર્ણ માહિતી તથા આ ચાર્જશીટ સહી થવા માટે મુકવામાં આવેલ હોય તે તારીખની માહિતી તેમજ જે અધિકારીની સહી કરાવવાની છે તે અધિકારીના નામ અને હોદ્દા સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતમાં આપેલ નોંધ વિભાગમાં જણાવ્યા મુજબ સ્લમ અપગ્રેડેશન સેલ વિભાગના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જયારે ઉપરોકત મુદ્દા નં.૫ થી ૭ બાબતે મ. જાહેર માહિતી અધિકારી નગર નિયોજક તરફથી પત્ર નં.ટીપીડી/આ.ન.૫૯૦ તા.૧૫–૨–૧૨ થી ખાતાકીય ઈન્કવયારી વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ હોવાનું જણાવી તેઓને અઘટિત વિલંબથી તબદીલ કરવામાં આવેલ છે. આમ અરજદારને મુદ્દાનં.૧ થી ૪ ની વિગતો પૂરી પાડેલ છે. જયારે મુદ્દા નં.૫ થી ૭ ની વિગતો માટે અરજદારની જાણ હેઠળ ખાતાકીય તપાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે ખાતાકીય તપાસ

અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ નહીં પડાયેલ વિગતો મેળવી શકાઈ નથી કારણકે વિલંબિત તબદીલી તથા અરજદાર પક્ષે પક્ષકાર જાહેર માહિતી અધિકારીની વિગત અપીલ તબકકે રજૂ નહીં કરવાને કારણે તેમને પક્ષકાર બનાવી શકાયા નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૩–૧–૧૨ ધ્યાને લેતાં ૨૧–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૦૭–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૨–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૫ થી ૭ ની માહિતી ખાતાકીય તપાસ અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ હોય તો પુનઃ તેની નકલ અને ન પૂરી પાડેલ હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા ખાતાકીય તપાસ અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી) વિભાગને જણાવવામાં આવે છે. ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને અરજી સમયસર તબદીલ થાય તથા સમયસર પ્રત્યુત્તર અપાય તેની કાળજી રાખવા સુચિત કરવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં કરેલ કાર્યવાહી કરવાની રજૂઆત અંગે અરજદારની રજૂઆત બાબતે આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને આ અંગેની સત્તા હોઈ અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ), ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ( ટાઉન પ્લાનીંગ), ખાતાકીય તપાસ અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ